### કોઈ વાહન ચાલક સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવે તો કેનાલમાં ખાબકે તેવી સ્થિતિ

# બરોલી ગામ પાસે નર્મદા મેઈન કેનાલ ઉપર પ્રોટેક્શન વોલ બનાવવાની માંગ

**20 મીટરના** ભાગમાં કેનાલના પુલની બાજુમાં પ્રોટેક્શન વોલ બનાવવાની જરૂરિયાત

(પ્રતિનિધિ) નસવાડી, તા.7

નસવાડી તાલુકાના બરોલી ગામ પાસે નર્મદા મેઈન કેનાલ ઉપર રોડ ની સાઈડ માં કેનાલ ઉપર પ્રોટેક્શન વોલ બનાવવામાં આવે તે જરૂરી બન્યું છે. કોઈ વાહન ચાલક સ્ટેરીંગ ઉપર નો કાબુ ગુમાવે તો કેનાલ માં ખાબકે તેવી સ્થિતિ છે. આ જગ્યા ઉપર રેલીંગ મારવામાં આવે તો પણ વાહન ચાલકો ને ફાયદો થશે.

નસવાડી તાલુકાના બરોલી ગામ પાસે નર્મદા ની મેઈન કેનાલ આવેલી છે નર્મદા જિલ્લા ને અને છોટાઉદેપુર જિલ્લાને જોડતો મુખ્ય રસ્તો છે. જ્યારે 100 થી વધુ ગામડાઓના લોકો તણખલા તરફ થી આવે ત્યારે પૂરપાટ આવે છે, અને સ્ટેરીંગ ઉપર નો કાબુ ગુમાવે તો નર્મદા કેનાલ માં ખાબકી શકે છે. 20 મીટર ના ભાગ માં કેનાલ ના પુલ ની બાજુમાં પ્રોટેક્શન વોલ બનાવવાની જરૂરિયાત છે. ત્યારે આ જગ્યા ઉપર પ્રોટેક્શન વોલ ના બનાવતા વાહન ચાલકો ને જોખમ છે. જ્યારે કેનાલ માં



20 મીટર જેટલું પાણી વહી રહ્યું છે. ગેટ પૂરો થયા બાદ આ જગ્યા આવેલી છે. કોઈ કેનાલ માં ખાબકે તો બચી પણ ના શકે તેવી સ્થિતિ છે. ત્યારે નર્મદા નિગમ ના અધિકારીઓ આ જગ્યા ની વિઝિત કરે અને પ્રોટેક્શન વોલ બનાવે તો પ્રજાને અને વાહન ચાલકો ને ફાયદો થાય તેમ છે. નર્મદા નિગમ ના અધિકારીઓ આ તમામ હકીકતો જાણતા હોવા ભરાયા પ્રજાને રામ ભરોશે મૂકી દે છે.

## શિનોર તાલુકામાં HPV રસીકરણનો શુભારંભ



(પ્રતિનિધિ) શિનોર, તા.7

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના તથા ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટી, વડોદરાનાં માર્ગદર્શન હેઠળ શિનોર તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સીમળી ખાતેથી HPV રસીકરણ અભિયાનનો શુભારંભ સીમળી ગામનાં સરપંચશ્રીનાં હસ્તે કરવામાં આવ્યો. આ અભિયાનનો મુખ્ય હેતુ કિશોરીઓને ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપવાનો છે. પ્રારંભિક તબક્કામાં ૧૪ વર્ષ પૂર્ણ કરેલ અને ૧૫ વર્ષગાંઠ બાકી હોય તેવા કિશોરીઓને HPV રસીકરણમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### એલસીબીના પીછા બાદ અકસ્માત, ચાલક ગાડી મૂકીને ફરાર

# બોડેલી-જબુગામ વચ્ચે દારૂ ભરેલી સ્કોર્પિયો ખાડામાં ખાબકી

**સ્કોર્પિયોમાંથી** વિદેશી દારૂ મળી આવ્યો, બોડેલી પોલીસે કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) બોડેલી, તા.7

છોટાઉદેપુર જિલ્લામાં મધ્યપ્રદેશ તરફથી વિદેશી દારૂની હેરાફેરી કરવાનો પ્રયાસ ફરી એકવાર પોલીસ દ્વારા નિષ્ફળ બનાવાયો છે. ગત રાત્રે બોડેલી-જબુગામ માર્ગ પર મેરિયા નદીના પુલ નજીક દારૂ ભરેલી સ્કોર્પિયો કાર ખાડામાં ખાબકી જતાં ચાલક ગાડી છોડીને ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં બોડેલી પોલીસ અને છોટાઉદેપુર એલસીબીની ટીમ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ મધ્યપ્રદેશ તરફથી વિદેશી દારૂ ભરી એક સ્કોર્પિયો કાર છોટાઉદેપુર જિલ્લામાં પ્રવેશી રહી હોવાની બાતમી એલસીબી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે ગાડીનો પીછો શરૂ કર્યો હતો. પોલીસને પાછળ લાગેલી જોઈ સ્કોર્પિયો ચાલકે ગાડી પૂરઝડપે દોડાવી હતી.

ઝડપના કારણે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બોડેલી-જબુગામ વચ્ચે મેરિયા નદીના પુલ નજીક સ્કોર્પિયો



ખાડામાં ખાબકી ગઈ હતી. અકસ્માત સર્જાતા ચાલક ગાડીમાંથી નીકળી અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો.

ઘટનાસ્થળે લોકોના ટોળા એકત્ર થયા હતા. પોલીસે તપાસ કરતા સ્કોર્પિયો કારમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો. બાદમાં ક્રેનની મદદથી ગાડી બહાર કાઢી પોલીસે દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્વસ્થ અને મસ્ત રહેવા માટે જરૂરી સૂચનાઓ કાર્યકર્તાઓને આપી

# ડો. પ્રવિણભાઈ તોગડિયાની કમલાપુરા ગામે કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત

(પ્રતિનિધિ) વાઘોડિયા , તા.7

તાલુકાના રોપા ગામે AHP અને રાષ્ટ્રીય બજરંગ દળના સ્થાપક ડૉ. પ્રવિણભાઈ તોગડિયાએ જગદીશભાઈ રાઠોડના ઘરે કાર્યકર્તાઓની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે હિન્દુઓને સ્તુતિ, હનુમાન ચાલીસા, સ્વસ્થ રહેવા માટેનો મંત્ર શીખવ્યો હતો. સ્વસ્થ અને રોગ મુક્ત રહેવા માટે નિયમિત વ્યાયામ અને પૂરતી ઊંઘ લેવા જણાવ્યુ હતુ. હનુમાન ચાલીસ કેન્દ્રો વડે કેમ્પ યોજી લોકો સ્વસ્થ અને રોગ મુક્ત બને અને કેન્દ્રો દિંન દુ:ખીયાઓની



સેવા કરવા અનુરોધ કર્યો હતો. રોજ પરિવાર સાથે જમવું અને પરિવાર સાથે બેસી ખુશ રહેવું જેથી પરિવારની એકતા અખંડિત રહે.આ પ્રસંગે આજુ બાજુ ગામ ના સરપંચો તેમજ રાષ્ટ્રીય બજરંગ દલ ના અનિલ મહારાજ, બજરંગ શર્મા, નીતેશ પટેલ, રાજુભાઈ ગિરી સહિત જગદીશ ભાઈના પરિવાર અને મિત્રો હાજર રહ્યા હતા.

વાઘોડિયા તાલુકામાં ત્રણ્ મહિનમાં બીજીવાર ડૉ . પ્રવીણ ભાઈ તોગડીયાએ મુલાકાતે આવતા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દલના કાર્યકર્તોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. વિશ્વ સહિત દેશમાં વસતા તમામ હિન્દુઓએ પોતાના ઈસ્ટ દેવની રોજિંદી આરાધના અને પૂજાપાઠ કરવી જરૂરી છે જેના કારણે કલહ દૂર થશે,શાંતિ સ્થપાશે અને પરિવારમાં બધા આનંદ મંગલમાં રહેશે. સાચી શાંતિ પરિવાર સાથે હોય છે જેટલો સમય પરિવાર ને આપશું તો સ્ટ્રેસ દૂર રહેશે.

# શિનોર તાલુકામાં સેવા સદન ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

**18 ગામના** લાભાર્થીઓ હાજર રહ્યા

(પ્રતિનિધિ) શિનોર, તા.7

શિનોર તાલુકામાં આવેલ સેવા સદન શિનોર ખાતે મામલતદાર સાહેબ શ્રીની ઉપસ્થિતિમાં આ કાર્યમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમાં 18 ગામના લાભાર્થીઓ હાજર રહ્યા હતા. સરકારના જન કલ્યાણ હેતુસર સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં તાલુકાના વિવિધ ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ સ્થળ પર જ અનેક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં




આવી હતી. લોકોના આવક દાખલા, જાતિ દાખલા, રેશનકાર્ડ, આધારકાર્ડ સંબંધિત પ્રશ્નો સહિત અન્ય શાસકીય સેવાઓ માટે અરજી સ્વીકારવામાં આવી હતી અને તાત્કાલિક નિરાકરણ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો

કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકારીઓ, કર્મચારીઓ આરોગ્ય ટીમ પશુપાલક તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ લોકોને સરકારની યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી.

# જિલ્લા પ્રમુખના ગઢમાં પાર્ટીના ઝંડા રઝળતા જોવા મળ્યા

**પાર્ટીમાં** જુથવાદના આક્ષેપોએ જોર પકડ્યું

(પ્રતિનિધિ) ડભોઈ, વડોદરા, તા.7

ભારતીય જનતા પાર્ટી વિશ્વ ની સૌથી મોટી કાર્યકર્તા ધરાવતી પાર્ટી બની ગઈ છે. પરંતુ મોટા બનવા માં ગુણવત્તા ગુમાવી હોવાની ચર્ચા કાર્યકર્તાઓ માં ચર્ચાઈ રહી છે. તેવામાં જિલ્લા ના ડભોઈ નગર માં પાર્ટી ના ઝંડા રસ્તે પડેલા જોવા મળ્યા હતા. સામાન્ય રીતે કોઈ કાર્યક્રમ હોય ત્યારે ઘણા નવા નવા ભાદરવા ના ભીંડા ની જેમ ઉગી નીકળેલા કાર્યકર્તાઓ ઝંડા અને ખેસ આમતેમ નાખી ને જતા જોવા મળે છે. પણ હાલ



માં નગર માં પાર્ટી નો કોઈ કાર્યક્રમ પણ ન હોઈ કોણ ઝંડા નાખી ગયું એ વિષયે નગર માં ચર્ચા જગાવી છે. જૂના અને સનિષ્ઠ કાર્યકર્તાઓ નું કહેવું છે કે મારા જ સારા નો જે નારો પાર્ટી ના ઉપરી અધિકારીઓ એ અપનાયો છે અને મોટા ઉપાડે ટપુસેના ની જે ભરતી ચાલુ કરી છે એનું જ આ પરિણામ છે. કઈ કેટલાય લે ભાગુઓ કે જેઓને પાર્ટી ની વિચારધારા થી પણ લેવા દેવા નથી એવા પણ હોદેદારો બની ગયા હોવાથી પાર્ટી ની આવી દશા હોવાની વાત ચર્ચાતી જોવા મળ્યા છે. આવા જુઠવાદ વચ્ચે આવનારા દિવસો માં આવતી ચૂંટણી નવા બનેલા જિલ્લા પ્રમુખ બી જે બ્રહ્મભટ્ટ માટે અભિમન્યુ ના કોઠા પરીક્ષા જેવી સાબિત થશે એ નક્કી છે.

# ગેર મેળામાં પર્યાવરણ જાગૃતિની અનોખી પહેલ: 'જળ, જંગલ અને જમીન'ના રક્ષણનો સંદેશ અપાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.7

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે આયોજિત પરંપરાગત અને વિશ્વવિખ્યાત 'ગેર મેળા'માં વન વિભાગ દ્વારા જનજાગૃતિનો એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. વન વિભાગ, છોટાઉદેપુર અને સામાજિક વનીકરણ વિભાગ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે ગેર મેળામાં ઉમટેલી વિશાળ જનમેદની વચ્ચે પર્યાવરણ સુરક્ષા અને વૃક્ષારોપણનો સંદેશ પહોંચાડવા માટે એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ અભિયાનમાં વન વિભાગના નાયબ વન સંરક્ષક (DCF) આર. બી. સોલંકી તથા એ.સી.એફ. (ACF) ફતેહ મીના (IFS) સહિત આર.એફ.ઓ. (RFO)ની ટીમ અને વન વિભાગનો સ્ટાફ બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે સ્વયં જનમેદનીમાં જોડાયો હતો.

# ડભોઈના થુવાવી પાસે આવેલી બિલ્ડરની સાઈડમાં ચોરી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.7

ડભોઈ તાલુકાના થુવાવી પાસે આવેલ સુરત ના બિલ્ડર ની લેક સિટી સાઈડ માંથી કોપર કેબલ, ટેલિફોન કેબલ, મેટ્રોપોલ ડાઈવેટર મળી કુલ - 3.28.000 ના મુદ્દામાલ ની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા. બિલ્ડર ની ફરિયાદ આધારે પોલીસે તસ્કરો ને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ડભોઈ તાલુકાના થુવાવી ગામ પાસે આવેલી સુરત ના બિલ્ડર અને હાલ થુવાવી ગામ ના બાદશાહ ફળિયા માં રહેતા પ્રીતેશ ગજેરા તેઓની લેક સિટી સાઈડ ખાતે આર.આર.કેબલ ના કોપર વાયરો નો જથ્થો, ટેલિફોન કેબલ નો જથ્થો, મેટ્રોપોલ ડાઈવેટર, પ્લમ્બિંગ ના સામાન સહિત રાખેલ હતો.

# બોડેલી આર્ટ્સ & કોમર્સ કોલેજમાં 62મો વાર્ષિકોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.7

છોટાઉદેપુર જિલ્લાનાં બોડેલી ખાતે આવેલી શ્રી બોડેલી વિભાગ કેળવણી મંડળ બોડેલી સંચાલિત શેઠ ટીસી કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બોડેલીનો 62 મો વાર્ષિકોત્સવ આજે શ્રી બોડેલી વિભાગ કેળવણી મંડળ બોડેલીના



પ્રમુખશ્રી વર્ષાબેન કે દલાલ ની અધ્યક્ષતામાં યોજાયો ત્યારે સમારોહનાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાનાં રજીસ્ટાર ડૉ. અનિલ સોલંકી સાથે કોલેજ ટ્રસ્ટનાં મંત્રી સુમનભાઈ પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યામસિંહ વાંસદીયા, સહમંત્રી પ્રદિપસિંહ મહારાઉલ, ટ્રસ્ટીઓ જૈમીનભાઈ પટેલ, ચંદ્રસિંહ વાંસદીયા, હર્ષદભાઈ પટેલ અને નરેન્દ્રભાઈ ખરાદી ઉપસ્થિત રહ્યા હતા.


ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (879)

**ગાંધી- કરીયાણાની**
દુકાનમાં, વેચવા માટે હોલસેલ ભાવે, બત્તીવાલા GOLD TEA મળશે- 9427178600

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 10/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

**ચારધામ યાત્રા**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371

**ઓમશિવ ટ્રાવેલ્સ**
તારીખ- 11, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર, ૨૯- એપ્રિલ, (દક્ષિણ ભારત)(ચારધામ યાત્રા) ખરવરશેરી, ભાગળ, સુરત. -9537838949, 9327199997

**નોકરી વિષયક**

**ઓફિસ સ્ટાફ જોઈએ**
છે ડેટા એન્ટ્રી માટે એકાઉન્ટન્ટ- ફુલ TIME, ઉંમર ૩૫ વર્ષ સુધી ૫૦૧- એ, ૨૧સ્ટ સેન્ચુરી બિઝનેસ્સ સેન્ટર, માન દરવાજા, રિંગ રોડ, સુરત મોં: 9909916204

**જોઈએ છે**
હાઉસીંગ રીડેવલપમેન્ટ માટે પ્રોજેક્ટ મેનેજર કમ લાયાઝન ઓફીસર. Email: sssta1563@gmail.com

**જોઈએ છે.**
પાલ અને અડાજણ, સુરત ખાતે આવેલી PGમા કામ કરવા માટે મહિલાઓ. 24 કલાક રહેવા અથવા પાર્ટટાઈમ માટે. રહેવા અને જમવાની સુવિધા સાથે આકર્ષક પગાર મળશે. વિધવા, ડિવોર્સ અથવા એકલી રહેતી કોઈપણ મહિલા અરજી કરી શકે. સંપર્ક. 9924073970

**જે લોકો લોન અપવાનું**
કામ કરતા હોય અથવા માર્કેટિંગ ફિલ્ડમાં હોય એમના માટે પાર્ટ ટાઈમ વર્ક કરીને 20,000 સુધી ઈન્કમ મેળવી શકશે. SV Connect- 7600068855

**કાપડની દુકાન માટે**
અનુભવી તેમજ બિનઅનુભવી માણસ જોઈએ, મળો: સવારે 10:00થી 1:00, આરતી ટેકસટાઈલ, શ્રીનાથજી કોમ્પલેક્ષ, ભાગાતળાવ, ચૌટાપુલ, બેન્ક ઓફ બરોડાની બાજુમાં, સુરત, MOB: 9825146864, Ph: 0261-2442685

**એકાઉન્ટન્ટ**
(CA ઈન્ટર) જોઈએ. પ્રતિષ્ઠિત સંસ્થા માટે, પગાર: 30,000 મહિને, ઓછામાં ઓછા 8 કલાક/ દિવસ. સ્થળ: આસપાસ મંદિર, ગોડાદરા. નયનભાઈ લાડ. 9265493386.

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (ઝંખવાવ, રાજપારડી)સેલરી 8500/- + ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક. કોલ: 7600979201

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક)કન્ઝ્યુમર લોન રિકવરી માટે (મોસાલી) સેલરી 7000/- +ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક. કોલ: 8200949253

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (કિમ) સેલરી 8500/- + ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક. કોલ: 9904282149

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (અમોદ, કરજણ, પાદરા) સેલરી 8500/- + ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક. કોલ: 9624285602

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (ડભોઈ, સિનૉર, રાજપીપળા.) સેલરી 8500/- + ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક. કોલ: 8905499298

**FOR RENT**
80,000/-ના માસિક ભાડામાં
બેઝમેન્ટ (ગોડાઉન) ભાડે આપવાનું છે.
4000/- સ્કેવર ફીટ
2200/- કાર્પેટ
ક્રોમા પાસે, પીપલોદ
Con:- 9898024032
Dhaval Cyclewala

**મિલ્કત ભાડે-વેચાણ**

**વેચાણ- ભાડેથી**
આપવાનું છે પીપલોદ- ડુમ્મસરોડ નવુ આઠમાળનું ૧૮૫૦૦ ફુટ કારપેટ હોલ ઓફીસો ૯૮૨૫૧૫૧૦૬૪

**વેચાણ- ભાડેથી**
ભટારરોડ 40 ફ્રન્ટ ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન કોમર્શીયલ કારપેટ 3100 ફુટ બેંકસ, કોર્પોરેટસ, રેસ્ટોરેન્ટ, ડોક્ટરર્સ લાયક મધુલીકા શોપીંગમાં આપવાનું છે 9825151064

**વેચાણ ભાડેથી**
રાજગ્લોરી રાજહંસ ઈન્ડસ્ટ્રીયલ તૈયાર ગોડાઉન ૩૨૫૦ ફુટ આપવાનુ 9825151064

**વેચાણ /ભાડે**
આપવાનો પારલેપોઈન્ટમાં તેમજ ડુમસ 1400 વાર તેમજ પીપલોદ પ્લોટ વ્યાજબી કિંમતે 9909775590

**વાહન લે-વેચ**

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો- 9427178600

**મિલ્કત ભાડેથી**

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત વેચવાની છે**

**ભટાર રોડ ઓફિસ**
વેચવાની છે. વકીલ, C.A. લાયક 9104614923 (877)

**વેસુ, યુનિવર્સીટી**
નજીક મોકાની દુકાન વેચવાની છે આગમ એમ્પોરીયો 9104614923 (878)

**વેસુમા 4 BHK ફ્લેટ**
સુંદર હવા ઉજાસવાળો 2200 SQ વેચવાનો છે. 9374535403 (883)

**દુકાનો વેચવાની છે**
સાંઈ શ્રધ્ધા કોમ્પલેક્ષ - દુકાન નં ૨૦૧/૨૦૨ ૧લો માળ સાયણ સીથાણ રોડ ઉપર કારપેટ એરીયા ૭૬૦ સ્કેવર ફુટ કોન્ટેક્ટ પ્રદિપભાઈ- ૯૮૨૫૩૬૮૦૭૦, ડો. જતીનભાઈ ૯૮૨૪૧૭૩૬૫૫ દલાલોએ તસ્દી લેવી (881)

**બે રોડ કોર્નર પ્લોટ**
વેચવાનો છે, વેસુ 9825100525 (882)

**ફ્લેટ વેચવાનો.**
જૈન લોકાલિટી રોડ ટચ, નવયુગ કોલેજ સામે, સુરત. 9428874471.

**ફ્લેટ વેચાણ**
ગેસ લાઈન, લીફ્ટ, દસ્તાવેજ બીજા માળે અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**વેચાણથી જોઈએ..**
પ્લોટ/ બંગલા/ રો હાઉસ ઘોડદોડ રોડ,પારલે પોઈન્ટ, સિટીલાઈટ,ન્યુ સીટીલાઈટ, પીપલોદ, વેસુ, ડુમસ,અડાજણ પાલ, દલાલ માફ 9909775590

**નવસારીમાં**
2 BHK ફ્લેટ વેચવાનો છે એરૂ ચાર રસ્તા પાસે, એગ્રીકલચર કોલેજની સામે Contact: 9427633341

**લગ્ન વિષયક**

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

**સુરત રહેતા**
33 વર્ષના કણબી પટેલ ડોક્ટર માટે કોઈ પણ કાસ્ટની યુવતી આવકાર્ય 9512318416

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર


*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*